

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજમાં ફાયરબ્રિગેડની મોક ડ્રીલ યોજાઈ

પ્રાંતિજની મોટી બોખ ખાતે સાબરકાંઠા જિલ્લાના ફાયર વિભાગના કર્મચારીઓ દ્વારા મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા જિલ્લા ફાયર બ્રિગડના કર્મચારીઓ મારફતે આજે પ્રાંતિજના બોખમાં પાણીની અંદર લાઈવ ડેમોસ્ટ્રેશન યોજવામાં આવ્યું હતું. જેમાં પાણીમાં ડુબતા વ્યક્તિઓને કેવી રીતે બચાવવા તેમજ ડુબતા વ્યક્તિઓને બચાવી લઈ તેમની શક્તિઓનો પરિચય પણ લાઈવ ડેમોસ્ટ્રેશનમાં જોવા મળ્યો હતો. પાણીમાંથી બચાવ્યા બાદ પ્રાથમિક સારવાર વિશે પણ માહિતી પુરી પાડવામાં આવી હતી. હિંમતનગર, ઈડર, પ્રાંતિજના ફાયર વિભાગની બચાવ કામગીરી જોઈ સ્થાનિકોએ તેમની કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં ચીફ ફાયર ઓફિસર અલ્પેશભાઈ પટેલ, ભલાભાઈ પ્રજાપતિ, પંકજ મોદી, દિલીપ રાવલ, મહેબુબ બલોચ તથા પ્રતાપસિંહ દેવડા, કમલેશ પટેલ, વગેરે અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તર ગુજરાતમાં માત્ર અરવલ્લી જિલ્લામાં લેબોરેટરી

## એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થી રીસર્ચ કરતી લેબોરેટરી : આ લેબોરેટરીમાં સીઆરબી સોઈલ જેવા રીસર્ચ ચાલે છે

ધનસુરા, તા. ૧૭

હાલ હમણાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ માં ગુજરાતના કચ્છમાં ભૂકંપ આવવાના કારણે મોટી હોનારતો સર્જાઈ હતી. ત્યાર પછીથી ગુજરાત સરકાર સતર્ક બની હતી અને આ ટાઈપની હોનારતો ગુજરાતમાં ફરી ના સર્જાય તેના કારણે મજબુત અને ટકાઉ રોડ અથવા તો બિલ્ડીંગો બનાવાનો આદેશ સરકાર દ્વારા કરેલો છે જેના ભાગરૂપે મટીરીયલ ટેસ્ટ કરી લેબોરેટરી બીલ આપી એન્જીનીયરે બિલ્ડીંગનું ટકાઉ પ્રુફ આપવાનું હોય છે. તો આવો જોઈએ આ મટીરીયલ ટેસ્ટ લેબોરેટરી.

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે આવેલ એએસપી લેબને સરકાર દ્વારા માન્યતા આપવામાં આવી છે જે લેબોરેટરીમાં કોઈ પણ મકાન બિલ્ડીંગ અથવા તો રોડ બનવાનું હોય તો તેનું મટીરીયલ સૌ પ્રથમ મટીરીયલ્સ ટેસ્ટીંગ લેબોરેટરીમા ટેસ્ટીંગ કાર્ય બાદ કોઈ પણ રોવ મટીરીયલ ટકાઉ છે કે નહિ તેની વ્હાકાસનીનું સ્કેલ સર્ટિ જે તે અધિકારીને આપવાનું હોય છે તો જ તેવી જ લેબોરેટરી ઉત્તર ગુજરાતમાં અરવલ્લી જિલ્લાના ધનસુરામાં માત્ર આ એક જ આવેલી છે. જેમાં રોવ મટીરીયલ ટેસ્ટીંગ કરવામાં આવે છે. ત્યારે હવે આ લેબોરેટરીમાં એન્જનીયરીંગ કોલેજના સિવિલ ડીપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ આ લેબની મુલાકાત લઈ મટીરીયલનું ટેસ્ટીંગ કરતા નજરે પડી રહેલ છે.

એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ જણાવે છે કે અગામી દિવસોમાં હવે જે તે બિલ્ડીંગ અથવા તો રોડ બનવાના હોય તો તાકુનું પ્રુફ સરકાર અથવા તો જે તે અધિકારીને આપવાનું હોય છે તેના કારણે હવે સિવિલ ફેકલ્ટીના વિદ્યાર્થીઓને ભુકંપની હોનારત સર્જાયા બાદ વધારાનુ મટીરીયલ લેબોરેટરીનું જ્ઞાન મેળવવાનું રહે છે કે જેના કારણે આગામી દિવસોમાં કોઈ પણ બિલ્ડીંગ અથવા તો રોડ આ લેબોરેટરીમાંથી મટીરીયલ પાસ થઈને



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

આવ્યા બાદ તે ચોક્કસ નક્કી કરી શકાય કે બિલ્ડીંગ અથવા તો રોડનું કેટલું આયુષ્ય નક્કી કરી શકાય.

ગુજરાતમાં ભુકંપ જેવી હોનારતો ગતિ હતી જેના કારણે કેટલાયે જાનમાલને નુકસાન થયું હતું. જેથી સરકારે અગમચેતીના પગલા રૂપે હવે સરકાર માન્ય મટીરીયલ ટેસ્ટીંગ લેબોરેટરીને માન્યતાઓ આપી છે અને ટેસ્ટ થયે મટીરીયલ જ વપરાય ત્યારે ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લાના ધનસુરાના એએસપી લેબને માન્યતા મળેલ છે. જેમાં સોઈલ પર રીસર્ચ સીઆરબી પર રીસર્ચ કરવાનું કામ ચાલે છે અને બિલ્ડીંગ અથવા તો રોડ મટીરીયલ સસ્તુ પડે તેવા પ્રોજેક્ટો હાથ ધરવામાં આવતા હોય છે. ત્યારે આજે એન્જીનીયરીંગ કોલેજના સિવિલના વિદ્યાર્થીઓ તેમના ફિલ્ડમાં કુશળ એન્જીનીયરો બને તે માટે આ લેબોરેટરીમાં તેમની એક ટીમ ટ્રેનીંગમાં આવેલ હતી.

# આઈ.એમ.એ. મોડાસા અને નગરપાલિકા દ્વારા મોડાસા શહેરને સ્વચ્છ બનાવતા અભિયાનનો પ્રારંભ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ઈન્ડીયન મેડિકલ



(તસવીર : સમીર બલોચ, જય અમીન મોડાસા)

એસોસીએશન મોડાસા શાખા તેમજ મોડાસા નગરપાલિકા દ્વારા મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

ભારતદેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન સમાન સ્વચ્છ ભારત તેમજ ગંદકીરહિત દેશના સ્વચ્છતા અભિયાનને દેશની જનતા તેમજ વિવિધ સામાજીક અને સેવાકાર્ય કરતી સંસ્થાઓ દ્વારા ખુબ જ સારો સહકાર મળી રહ્યો છે. તેમજ દેશનો દરેક નાગરિક પણ પોતે જ્યાં રહે છે તેવા રહેણાંક તેમજ તેની આજુબાજુના રહેણાંક વિસ્તારમાંથી ગંદકી દૂર કરવાનો સતત પ્રયત્ન કરતો જોવા મળી રહ્યો છે. આવાજ એક અભિયાન અંતર્ગત મોડાસા શહેરના ડૉક્ટરનું એસોસીએશન તેમજ મોડાસા નગરપાલિકા દ્વારા મોડાસા શહેરના વોર્ડ નં. ૫ માં સમાવેશ ધરાવતા સર્વોદયનગર વિસ્તારની પ્રાથમિક શાળા તેમજ આજુબાજુના વિસ્તારને સ્વચ્છ બનાવવાના નિર્ધાર સાથે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં અરવલ્લી જિલ્લાના કલેક્ટરશ્રી જે.બી. ભટ્ટ તેમજ ડેપ્યુટી કલેક્ટર પણ જોડાયા હતા. મોડાસા નગરપાલિકાના પ્રમુખ આર.એસ. પટેલ તેમજ નગરપાલિકા વોર્ડ નં. ૫ ના સદસ્યો તેમજ મોડાસા મેડિકલ એસોસીએશનના હોદ્દેદારો ડૉ. ઘનશ્યામ શાહ, ડૉ. વિપુલ પટેલ તથા સર્વોદયનગરના વિસ્તારના લોકોએ પણ આ અભિયાનમાં ભાગ લીધો હતો.

# થરાદમાં પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## થરાદ અને વાવ તાલુકાના ૧૬૧૭ લાભાર્થીઓને રૂ. ૧.૯૬ કરોડની સાધન સહાય ચૂકવાઈ

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાના થરાદ મુકામે થરાદ અને વાવ તાલુકાનો -ન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહનવ્યવહાર રાજયમંત્રી શ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં થરાદ અને વાવ તાલુકાના કુલ ૧૬૧૭ લાભાર્થીઓને રૂ. ૧.૯૬ કરોડની સાધન સહાય મંત્રીશ્રી અને મહાનુભાવોના વરદહસ્તે આપવામાં આવી હતી. આ -સંગે -સંગીક -વચન કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે આ સરકાર સામેથી ગરીબોને આંગણે જઈને મબલખ સહાય આપીને સર્વત્ર સુખાકારીનું નિર્માણ કરવા સક્રિય -યાસો કરે છે. તેમણે જણાવ્યું કે ગરીબીને કાયમી દેશવટો આપી દેવા સરકાર વિવિધ કલ્યાણકારી ઉદાર યોજનાઓ અમલી બનાવીને વિશાળપાયે સંગીન -યાસો કરી રહી છે.તેમણે કહયું કે દીકરીઓ ઉચ્ચ શિક્ષણ સુધી અભ્યાસ કરી શકે ને તેમના થકી સુખમય અને સમૃધ્ધ સમાજનું નિર્માણ થાય તે માટે સંખ્યાબંધ યોજનાઓ અમલમાં છે. મંત્રીશ્રી ચૌધરીએ આરોગ્યની વિવિધ યોજનાઓ વિશે બોલતાં જણાવ્યુ કે રાજયભરમાં ઠેરઠેર આરોગ્યની વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઇ છે જેનાથી વિશેષ કરીને ગરીબ લોકોને ખુબ સારો ફાયદો થયો છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રીશ્રીની અમૃતમ યોજના હેઠળ રૂ. ૧.૨૦ લાખ સુધીની





આવક મર્યાદા ધરાવતા લાભાર્થીને રૂ. બે લાખ સુધીની તબીબી સહાય મળે છે.

મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરીએ કહ્યું કે ઘણા વર્ષોથી નર્મદાના નીરની રાહ જોતા બનાસવાસીઓનું સપનું તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા લોકપ્રિય વડા-ધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષો અગાઉ સાકાર કર્યુ હતુ. તેમણે ઉમેર્યુ કે નર્મદાના પાણીથી આ વિસ્તારમાં ઝડપભેર સમૃધ્ધિ આવી રહી છે. મંત્રીશ્રીએ વ્યસનોથી દૂર રહેવા અને વિકાસના આ યુગમાં સમય સાથે કદમ મિલાવવા બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી સરસ ભણાવવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતુ કે છેવાડાના વિસ્તારો સુધી લોકોને સરળતાથી અને સરસ આરોગ્ય સુવિધાઓ આપવા સરકાર કટિબધ્ધ છે તેમણે કહ્યું કે બિમારીનાં મુખ્ય કારણો ગંદકી, આહારમાં નિષ્કાળજી અને વ્યસનો હોય છે ત્યારે આપણા ઘર અને ગામમાં સ્વચ્છતા રાખવા દૃઢ આગ્રહી બની ચોમેર સ્વચ્છ અને સુંદર વાતાવરણ બનાવીએ. આહારમાં કાળજી રાખવા અને વ્યસનોથી હમેંશા દુર જ રહેવા તેમણે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે દરેક ઘેર શૌચાલય હોવુ બહુ જ જરૂરી છે. શૌચાલય બનાવવા સરકારશ્રી તરફથી જરૂરી સહાય મળે છે તેનો લાભ લઈને શૌચાલયો બનાવવા મંત્રીશ્રીએ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. લાભાર્થીઓને અનુરોધ કરતાં જણાવ્યુ કે અત્રેથી મળેલ સહાયનો કાર્યક્ષમતાથી ઉપયોગ કરી આપણી આવક અને સુખાકારીમાં સરસ વધારો કરીને સમૃધ્ધ પરિવાર અને સમાજનું નિર્માણ કરીએ.

ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીના અધ્યક્ષશ્રી ઈશ્વરભાઇ ભાવસારે જણાવ્યુ હતુ કે ગરીબીને નેસ્તનાબૂદ કરવા રાજય સરકારે ગરીબ કલ્યાણ મેળાઓ યોજવાનું શરૂ કર્યુ હતુ. આ સુંદર અભિયાનથી રાજયની ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે કહ્યુ કે ગરીબી દુર કરવાનો શ્રેષ્ઠ ઉપાય શિક્ષણ છે. જેના ઘરમાં શિક્ષણ આવે છે તેના ઘરમાંથી ગરીબી કાયમ માટે નાસી જાય છે. તેમણે કહ્યુ કે ગરીબો સન્માનપૂર્વક પોતાનું જીવન વ્યતિત કરે તે માટે ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવે છે.

# મેયર, સ્ટેન્ડીંગ ચેરમેન અને કમિશ્નર ચીનના પ્રવાસે જશે

અમદાવાદ, તા. ૧૭

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગુરૂવારે મળેલી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં ચીનના પ્રવાસને લગતી એક તાકીદની દરખાસ્ત મંજુર કરાઈ હતી, જે અનુસાર શહેરના મેયર મીનાક્ષીબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પ્રવિણ પટેલ અને મ્યુનિસિપલ કમિશ્નર ડી. થારા આગામી ૨૭ નવેમ્બરે ત્રણ દિવસ માટે ચીનના પ્રવાસે જશે. કોર્પોરેશનની સેન્ટ્રલ ઓફિસ વિભાગ દ્વારા સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ ચીનના પ્રવાસને લગતી તાકીદની દરખાસ્ત રજુ કરાઈ હતી. આ તાકીદની દરખાસ્તમાં જણાવ્યા મુજબ ચીનના ગોન્ઝાઉ શહેરના મેયરે અમદાવાદના મેયરને આપેલા આમંત્રણ અન્વયે ચીનનો પ્રવાસ ગોઠવાયો છે. ગોન્ઝાઉમાં આગામી ૨૭થી ૨૯ નવેમ્બર, ૨૦૧૪ દરમિયાન માય સીટી એન્ડ માય ડ્રીમની થીમ ઉપર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાવાની છે તેમજ આ જ સમય દરમિયાન ગોન્ઝાઉમાં "ગોન્ઝાઉ ઈન્ટરનેશનલ એવોર્ડ ફોર અર્બન ઈનોવેશન" પણ યોજાનાર છે.



## પ્રાંતિજ નજીક અકસ્માતમાં ઘાયલ ગાયને મુસ્લીમ યુવકોએ પાંજરામાં મોકલી

પ્રાંતિજ ટોલપ્લાઝા પાસે અજાણ્યા વાહનચાલકની ટક્કરે ગાયને ઈજાઓ થતા મુસ્લીમ સમાજના પાંચ યુવાનોએ ઈજાગ્રસ્ત ગાયને સારવાર અર્થે પાંજરાપોળ મોકલી આપી માનવતાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈ-વે પર પ્રાંતિજ કતપુર પાટીયા ટોલપ્લાઝા નજીક માર્ગ ઓળંગતી ગાયને અજાણ્યા વાહન ચાલકે જોરદાર ટક્કર મારી હતી આથી ગાય લોહીલુહાણ હાલતમાં માર્ગ વચાળે પડી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ગાય પર પ્રાંતિજના પાંચ જેટલા મુસ્લીમ સમાજના જીવદયા પ્રેમીઓની નજર પડતા પશુ દવાખાનામાં જાણ કરતા પશુ ચિકિત્સક ડૉ. સંજયભાઈ પટેલ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત ગાયને સારવાર આપી હતી અને બાદમાં પ્રાંતિજ પાંજરાપોળમાં વધુ સારવાર માટે સલાહ આપી હતી. આથી આ મુસ્લીમ યુવકોએ છોટા હાથી વાહનમાં નાખી પાંજરાપોળ મુકી આવ્યા હતા. મુસ્લીમ યુવકોની સેવાકીય કામગીરીને લઈ હિન્દુ-મુસ્લીમ સમાજના લોકોએ જીવદયા પ્રેમીઓની પ્રશંસા કરી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)





## મોડાસા આઈ.ટી.આઈ.ના શિક્ષકોની ઘટ સામે કલેક્ટરને આવેદન અપાયું

મોડાસામાં થોડા સમય અગાઉ નવીન આઈ.ટી.આઈ. બનાવવામાં આવી હતી, પરંતુ હાલ શિક્ષકોની કમીને લઈ તાલીમાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે. જેથી તાલીમાર્થીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે થોડાક સમય પહેલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) બનાવવામાં આવી હતી. જ્યાં હાલ ૪ ટ્રેડમાં અંદાજે ૨૫૦ જેટલા તાલીમાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. પરંતુ ૪ ટ્રેડમાં એક પણ અધ્યાપક ન હોવાથી વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યોછે. પરિણામે આજે તમામ તાલીમાર્થીઓએ ભેગા મળી આ સંદર્ભે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને મહેકમ મુજબ શિક્ષકો ફળવાય તેવી માંગણી કરી હતી.

# વડગામ મુકામે પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

બનાસકાંઠા જિલ્લાના વડગામ મુકામે પાલનપુર અને વડગામ તાલુકા તથા પાલનપુર નગરપાલિકાનો -ન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ તથા શ્રમ અને રોજગાર રાજય મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં પાલનપુર અને વડગામ તાલુકા તથા પાલનપુર નગરપાલીકાના મળી કુલ ૨૪૦૬ લાભાર્થીઓને રૂ. ૨.૫૬ કરોડની સાધન સહાય મંત્રીશ્રી અને મહાનુભાવોના વરદહસ્તે આપવામાં આવી હતી. મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યુ હતુ કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા વડા-ધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગરીબ કલ્યાણ મેળાઓની શરૂઆત કરાવી હતી. તેનાથી લાખો ગરીબોને સુખ અને સ્વમાનભર્યુ સુંદર જીવન મળયું છે. છેવાડાના માણસો સુધી સરકારશ્રીની યોજનાઓના લાભ સરળતાથી આપી શકાય અને ગરીબોની આવક અને સુખાકારીમાં ઝડપભેર વધારો થાય તેવા ઉમદા આશય સાથે શરૂ કરાયેલ આ અભિયાનને ખૂબ સારી સફળતા મળી છે. તેમણે જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગતિશીલ ગુજરાત અભિયાન હેઠળ ગુજરાતને આગવી ઓળખ આપવા અને વિકાસ કૂચને વધુ વેગ આપવા રાજય સરકાર દ્વારા વિશાળ પાયે -યાસો હાથ ધરવામાં આવ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA ઓથોરાઈઝ્ડ ડીલર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦